ગાંધીનગર સમાચાર

# ગાંધીનગર જિલ્લામાં ૨૫મીથી શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં તા.૨૫મી નવેમ્બર, ૨૦૧૯થી તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં શિશુથી ૧૮ વર્ષ સુધીના શાળા તથા આંગણવાડીમાં જતાં અને ન જતાં તથા શહેરી વિસ્તારના ૩,૨૭,૩૫૮ બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામાં આવશે.

શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૯-૨૦ અંતર્ગત આરોગ્ય, શિક્ષણ, પંચાયત, પુરવઠા, વન અને આઇ.સી.ડી.એસ વિભાગના સહયોગથી દરેક ગામમાં પાંચ દિવસ સુધી શાળા આરોગ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. પ્રથમ દિવસે સ્વચ્છતા અને વૃક્ષારોપણ, બીજા દિવસે પેરા મેડિકલ સ્ટાફની ટીમ દ્વારા પ્રાથમિક તપાસણી, ત્રીજા દિવસે પોષણ દિવસ તથા ચોથા દિવસે તબીબી અધિકારીઓ દ્વારા બાળકોની આરોગ્ય તપાસ અને સારંવાર તેમજ પાંચમા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે.

આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૨૦૪ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમો દ્વારા બાળકોની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવશે. આ ટીમોમાં એમ.બી.બી.એસ., આર.બી.એસ.કે. ડૉકટરો સાથે સાથે મેલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, આંગણવાડી કાર્યકર, આશા બહેનો ફરજ બજાવશે. અન્ય વિભાગ જરૂરી સાથ સહકાર આપશે.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં સામાન્ય બિમારીવાળા બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવશે. જયારે વધુ બિમારી -ખામીવાળા બાળકોને સંદર્ભ સેવા માટે સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં રીફર કરવામાં આવશે. ગંભીર બિમારીઓ જેવી કે, હદય, કિડની, અને કેન્સર વગેરે માટે તાલુકાવાર સારવાર કેમ્પો યોજી સિવિલ હોસ્પિટલના તજજ્ઞો દ્વારા તપાસ અને સારવાર કરવામાં આવશે. જેમાં વધુ ગંભીર બિમારીવાળા બાળકોને વધુ સારવાર માટે ગાંધીનગર તથા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવશે.

ગત વર્ષે ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કુલ – ૩,૧૧,૨૧૮ બાળકોની તપાસણી કરવામાં આવી હતી. જેમાંથી ૨૯,૯૮૩ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. ૯૨૯ બાળકોને સંદર્ભ સેવા આપવામાં આવી હતી. સંદર્ભ સેવા પૈકીના બાળકોમાંથી ૧૭૯ બાળકોમાંથી ૧૭૯ બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટ સારવાર આપવામાં આવી હતી. જેમાં હદયના ૭૯, કીડનીના ૪૭, કેન્સરના ૩, કલબ ફૂટના ૧૧ અને કોકલીયર ઈમ્પ્લાન્ટના ૬, થેલેસેમીયાના ૧૨, તેમજ કલબ ફૂટ-કલબ લીપ પેલેટના ૨૧ બાળકોને સારવાર આપવામાં આવી હતી.



ગાંધીનગર, તા. ૨૧

'એએફએસ ગ્લોબલ પીસ ફિસ્ટ ૨૦૧૯' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન એએફએસ નૅશનલ ઑફિસ, દિલ્હી દ્વારા કરવામાં આવ્યું હતું.

મધર ટૅરેસા સ્કૂલ ખાતે આ નિમિત્તો યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. જે પૈકી જીલ મંથન ભટ્ટ શાસ્ત્રીય નૃત્યમાં પ્રથમ, શિયા વિષ્ણુપ્રસાદ જોષી વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ, તોરાંદે ઉત્કર્ષ મિસ્ત્રી ગ્લોબલ પીસ ચિત્ર સ્પર્ધામાં દ્વિતીય, નિબંધ સ્પર્ધામાં તીર્થ રમેશભાઈ પટેલ દ્વિતીય અને દષ્ટિ અંબાલાલ પટેલ તૃતિય સ્થાને વિજેતા બન્યા હતા. શિલ્પા ઠક્કરનું માર્ગદર્શન આ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયું હતું.

આ વિદ્યાર્થીઓ ૨૯ નવેમ્બરના રોજ દિલ્હી ખાતે રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સમગ્ર સ્પર્ધાના વિષયો વિશ્વશાંતિની પ્રેરણા આપનારા છે. એઍફઍસ ગાંધીનગર ચૅપ્ટરના પ્રમુખ અને શાળાનાં શિક્ષક ડૉ. વર્ષા પારેખ અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયનો વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



વંશ દેવેન્દ્રભાઈ પરમાર
મો. ૯૯૭૪૬ ૮૯૩૨૩



જયશ્રી ઈશ્વરલાલ જોષી
નિ. નાયબ સેક્શન અધિકારી



શહેરના સેવાભાવી યુવાનોના જૂથ રાધે-રાધે ગ્રુપના દ્વારા તાજેતરમાં સેક્ટર - ૨૬ કિસાન નગરનાં ૫૬ જેટલાં વડીલો માટે ત્રણ દિવસીય યાત્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દ્વારકા, સોમનાથ, પોરબંદર, હર્ષદ માતા, કાગવડ, ખોડલ ધામ, વીરપુર, જૂનાગઢ, ચોટીલા જેવાં સ્થળોની મુલાકાતનો આ પ્રવાસમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ યાત્રાનો પ્રારંભ જી. ઈ. કલબના પ્રમુખ કુંતલ નિમાવત અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના અધ્યાપક ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.તેમણે વડીલોને યાત્રા માટે શુભકામના પાઠવી હતી અને સાથે સાથે વડીલો માટે પ્રવાસ દરમિયાન સુરક્ષા અને સાવચેતી માટે જે લઈને જે પગલાં લેવાં જોઈએ તે અંગે યુવાનોને માહિતગાર કર્યા હતા. આ પવિત્ર પ્રવાસમાં શ્રવણ તીર્થ દર્શન વિભાગ, ગુજરાત સરકાર અને ગાંધીનગરના સેવાભાવી નાગરિકોએ પણ સહકાર પૂરો પાડ્યો હતો.

ગૃપના તન્મય પટેલ, રાહુલ સુખડીયા, જીત પ્રજાપતિ, બંકિત પટેલ, લક્ષ્મણજી ગોહિલ આ યાત્રામાં સતત વડીલોની સાથે રહ્યા હતા. વિહત ટ્રાવેલ્સના ટીનાભાઈ ચૌધરીનો ઉમદા સહયોગ આ યાત્રા માટે પ્રાપ્ત થયો હતો.




એસ.જી.અંગ્રેજી પ્રાથમિક શાળામાં વિચાર વિમર્શ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ વર્તમાન સમયમાં શિક્ષણની જરૂરિયાત, મોબાઈલનો ઉપયોગ અને મિત્રનું મહત્વ વિષયો અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. રેડ હાઉસ આ સ્પર્ધામાં વિજેતા બન્યું હતું.

# સ્કૂલ ઑફ અચિવર ખાતે 'ઍક્ટિવીટી ફિએસ્ટા'ની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૧

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણમાં તા.૭ મી નવેમ્બરથી ૧૮મી નવેમ્બર સુધી વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને ઉપયોગી કૌશલ્યો વધારતો અવિસ્મરણીય કાર્યક્રમ 'એક્ટિવીટી ફિએસ્ટા' ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધો-૧ થી ૯ ના બાળકો સહભાગી થયા હતા. મુખ્ય ત્રણ તબક્કામાં નિર્ધારિત આ કાર્યક્રમમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે રંગોળી, ડેકોરેશન, એરોબિક્સ, કુકીંગ, નોન ફાયર કુકીંગ, ક્રાફ્ટ, વોટર એરોબિક્સ, બેસ્ટ ફ્રોમ વેસ્ટ, કલે મોડલીંગ, ડ્રોઈંગ, કરાઓકે, વિરાસયેલી રમતો, ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી ઉપરાંત વિવિધ કલ્ચરલ પ્રોગ્રામ અને બેઝીક અવેરનેસ એક્ટિવીટીઝનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બાળકોની મુખમુદ્રાનાં હકારાત્મક સ્પંદનો શાળા માટે કાર્યક્રમની અદ્ભૂત સફળતાનાં સોપાન સમાં બન્યાં હતાં.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજીની ઈલેક્ટ્રિકલ એન્જિનિરીંગ શાખા દ્વારા

# એક દિવસીય રેસીડેન્સીઅલ વાયરિંગ અને ઈલેક્ટ્રિસિટી વર્કશૉપ



ગાંધીનગર, તા. ૨૧

આધુનિક સમયમાં, ટેક્નોલોજીની સાથે વ્યક્તિમાં રહેલી વિશેષ આવડત તથા કૌશલ્ય તેને સ્પર્ધાત્મક વાતાવરણમાં એક આગવી ઓળખ આપે છે અને ઈન્ડસ્ટ્રીમાં આજે તેને પ્રાધાન્ય અપાય છે. ડિગ્રીના ભણતરની સાથે સ્કીલ્સ, પ્રેક્ટિકલ જ્ઞાન અત્યંત આવશ્યક છે.

આ બાબતને ધ્યાન માં રાખીને, સ્વર્ણિમ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીની ઈલેક્ટ્રિકલ એન્જિનિરીંગ શાખાએ એક દિવસીય રેસીડેન્સીઅલ વાયરિંગ અને ઈલેક્ટ્રિસિટી વિષયે વર્કશોપનું આયોજનયુનિવર્સિટી કેમ્પસ ખાતે કર્યું હતું.

આ વર્કશોપમાં પહેલા વર્ષના એન્જિનિરીંગના વિદ્યાર્થીઓ એ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપ અત્યંત શિક્ષિત અને ઉપયોગી રહ્યો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના સ્વિચ, પ્લગ, સોકેટ, હોલ્ડર, વાયર વિગેરે વિષે જાતે જોઈને માહિતી લીધી હતી.

વિદ્યાર્થીઓ પોતે બનાવેલ મોડલ જોઈને આનંદિત થયા હતા. તેમણે જાતે એ બાબતનો અનુભવ કર્યો હતો કે વાયરિંગ અને ઈલેક્ટ્રિસિટીનું સંકલન, તેનું યોગ્ય જોડાણ કેવી રીતે કરી શકાય અને તેનો તેમના રોજીંદા વપરાશમાં કેવી રીતે ઉપયોગ કરવો.

### સી ઍમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા

# બાળ દિવસે શાળાનાં બાળકોને આનંદ અર્પણ



સી ઍમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા વિશ્વ બાળ દિવસની ઉજવણી સૅક્ટર-૭ની પ્રાથમિક શાળાનાં બાળકો સાથે કરવામાં આવી હતી. કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા બાળકોને જુદી-જુદી રમતો રમાડવામાં આવી હતી તથા સારી ટેવો અંગે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. બાળકોને નાસ્તો અને ભેટ પણ આપવામાં આવી હતી. કૉલેજના આચાર્ય રાજેશ રાવલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન, સંચાલન પ્રા. હિમાલી પ્રજાપતિ અને ઉર્વિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જરૂરિયાતમંદો, બાળકોને સહાય







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાભચિતરીયામાં ૧૦૬ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અણસોલમાં ૧૮ લાભાર્થીઓને ચોખા ઉપરાંચ ચ્હા, બિસ્કીટ, નાસ્તો, આયર્ન, પૅરાસિટામૉલ ટૅબલેટ અને ચપ્પલ આપવામાં આવ્યાં હતાં. ગઢીયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા પ્રત્યેક બાળકને ૨ નોટબૂક, પૅન્સિલ, રબર ભેટ આપીને પ્રત્યેકને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ગામનાં વિધવા બહેનોને સીલાઈ મશીનની ભેટ આપવામાં આવી હતી. આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી અમૃત પ્રજાપતિ, મિલિન્દ ગુપ્તે, ભીમજી ગામેતી અને યોગેશભાઈ જોડાયા હતા.